**રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચના બાકી લાભો આપવા બાબત**

*** 15/4/867 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ**(વાસંદા): **પંદરમી ગુજરાત વિધાનસાભાના બીજા સત્રમાં તા.૨૭/૦૨/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૦૯ (અગ્રતા-૭૩)ના અનુસંધાને માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચના અમલીકરણના બાકી લાભો બાબતો માટેની પ્રક્રિયા ચાલી રહેલ હતી તે પૈકી કયા લાભો ક્યારે આપવામાં આવ્યા, | (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચના અમલીકરણના બાકી લાભો બાબતો માટેની પ્રક્રિયા ચાલી રહેલ હતી તે પૈકી કોઈ લાભો આપવામાં આવેલ નથી. |
| (૨) | ઉકત સ્થિતિએ સાતમા પગારપંચના અમલીકરણના બાકી રહેતા કયા લાભો આપવાના બાકી છે, અને | (૨) | ચાર્જ એલાઉન્સ, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત વગેરે જેવા અન્ય લાભો સાતમા પગારપંચના અમલીકરણ અન્વયે આપવાના બાકી છે. |
| (૩) | ઉકત બાકી લાભો હજી સુધી ન આપવાના મુખ્ય કારણો શા છે? | (૩) | ઉકત લાભો આપવા બાબતમાં,નાણા વિભાગના ઠરાવોથી “અધિકારીઓની સમિતિ” અને “મંત્રીમંડળની પેટા સમિતિ” ની રચના કરવામાં આવેલ છે. આ સમિતિઓની ભલામણ બાદ, રાજ્ય સરકાર દ્વારા તમામ પાસાઓનો વિચાર કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે. |

------------------------